જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૫/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૨૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૩૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૨૮/૨૦૨૬**

એરપોર્ટઃ નિલમકુમારી ડો/ઓ રઘુવીરસિંહ કડવાસરા (રહે.ભદ્રેશ્વર હાઉસિંગ સોસાયટી, સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/– તેમજ મોટર સાયકલ નંબર જીજે.૦૧.યુઝેડ.૨૫૭૩ કિમત રૂપિયા ૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૩,૨૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.પરમાર ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૨૯/૨૦૨૬**

બોડકદેવઃ યોગેશભાઈ રમણભાઈ ચૌહાણ (ઉ.વ.૪૩)(રહે.સુરજપાર્ક સોસાયટી, દુર્ગા સ્કુલની બાજુમા ગરનાળા પાસે, ચાંદલોડીયા) તા.૦૩/૦૫/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે બોડકદેવ પંડીત દીનદયાળ હોલની બાજુમા, ઓક્યુરા હોસ્પીટલના ત્રીજા માળે બે લોખંડના ઘોડા વચ્ચે લોખંડનો ખપેડો મુકી ચીમની લગાવવાનુ કામ કરતા હતા ત્યારે સાતેક ફુટની ઉચાઈનો લોખંડનો ઘોડો મુકી યોગેશભાઈ નાઓ ચીમની પકડી ઉભા હતા ત્યારે ભોયતળીયે પડેલ ઈલેક્ટ્રીક વાયર ઉપર લોખંડના ઘોડાનો પાયો આવી જતા વાયર બ્રેક(કટ) થતા યોગેશભાઈને વીજ કરંટ લાગતા યોગેશભાઈનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૩૦/૨૦૨૬**

નિકોલઃ કઠવાડા રોડ જલધારા સોસાયટી પાસે "હીલ ટાઉન ઝેડ" નામની નવી બનતી સાઈટ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા અનિતાબહેન વા/ઓ મુકેશભાઈ બોડાત (મુળ વતન: ગામ–જોરાવરપુરા, તા–છીમલવાડા જી–ડુંગરપુર, રાજસ્થાન) તા.૦૧/૦૫/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટ ખાતે અનિતાબહેન નીચે કામ કરતા હતા ત્યારે પાલક ઉપર લગાવવામાં આવતી લોખંડની પટ્ટી નીચે પડતા, અનિતાબહેનના શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને નિકોલ દાસ ખમણની સામે આવેલ દેવકીનંદન હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૫/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૩૧/૨૦૨૬**

સરદારનગરઃ પ્રકાશભાઈ સ/ઓ ઘનશ્યામદાસ ભાટીયા (ઉ.વ.૫૦)(રહે.ભાગ્યોદય સોસાયટી નરોડા બેઠક સામે, કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને અસારવા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૫/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી